# ખંભાત તાલુકા નો ઇતિહાસ

# <u>ઇતિહાસ</u>

ઇતિહાસ એક સવંદેશીય માનવકથા નું સ્વરૂપ છે. (ક.મા.મુનશી) આજે. ઇતિહાસ વિષય નથી રહયો એમા વિશ્રવદર્શન રખાયુ છે. એમાં અર્થશાસ્ત્ર,સમાજશાસ્ત્ર,સાંસ્કૃતિક દર્શન વગેરે અનેક બાબતોનો સામવેશ થાયો છે. એટલે કે બધા જ્ઞાનની જલધારોઓથી પોષાયલી સરિત બની રહે છે.

ગુજરાત ના પ્રાચીન અને પૌરાણિક નગરોનું એક ખંભાત છે. તેના પુરાણકાર તથા ઇતિહાસવિદો એ ધણો પરિશ્રમ લઇ એની ખ્યાતિ જાળવી રાખી છે.

ઇ.સ.ની આઠમી સદીમાં ખંભાત વસ્યુ છે. એમ વિદ્રાનો માને છે. સોલંકી યુગથી વર્તમાન યુગ સુધીનો શિલશિલાબંધ ઇતિહાસ સાંપડે છે. તે પહેલા બનેલા બનાવોને અનુમાનનો આધાર લેવો પડે છે. આજે જે બનાવ બને છે. તે આવતી કાલનો ઇતિહાસ ગણવાને પાત્ર થાય છે. એટલે તેની હકીકતો સંધરવીજ રહી.

ખંભાત મારી જન્મભુમી છે. તેની યતકિચિત પણ સેવા કરવાની મારી તમન્ના હુ ધણા વર્ષાથી સેવ્યા કરતો નિત્યજીવનના વ્યવસાયમાંથી સમય બચાવીને આ ગ્રંથ તૈયાર કર્યો છે. ખંભાતમાં ઇતિહાસના પુસ્તકોની અપ્રાપ્તિને લીધે વડોદરા, અમદાવાદ,મુંબઇ વગેરે શહેરોમાં અનુકુળતા મળી તે પ્રમાણે ગયો છું અને ખંભાત ને લગતા પુસ્તકો જોવાના મળયા છે.

આ ગ્રંથ વિષયે મારે કશુ કહેવાનું નથી સદર ગ્રંથ તૈયાર કરતા મને ધણો આનંદ થાય છે. ખંભાત વિશે જેને જે જોઇતુ હશે તે એમાંથી મળશે ખરૂ એવી આશા રાખુ છુ જે જે લેખકોના પુસ્તકોનો આધાર લીધો છે. તેમનો આભાર માનુ છું

આ ગ્રંથોમાં ધણા ચિત્રો મુકવામાં આવ્યા છે. તે માટે ચિત્રો આપનાર તથા સ્ટુડીઓવાળા શ્રી અરવિદભાઇ મ. પટેલ વગેરોનો આભાર માનું છું

ખંભાત થી પ્રસિધ થતા સાપ્તાહીકો નવસંસ્કાર અને જાગૃતિ વગેરે પત્રોની ફાઇલો પણ ઉપયોગી નીવડી છે. તે બદલ તેમના તંત્રીશ્રીઓનો આભાર માનું છું

આ પસ્તક વિષે આમુખ ગુજરાતી ખ્યાતનામ સંશોધન સંસ્થા ભો.જે.વિધાભવન (અમદાવાદ) ના અધ્યક્ષ શ્રી ડો.હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી ,એમએ. પી.એચ.ડી એ લખ્યો છે. એમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું તેમજ ગુજરાતના ઇતિહાસ વિષયમાં ધણા વર્ષોના અભ્યાસી એવા મહારાજા સયાજીરાવ યુનીવર્સિટી ના પ્રાચ્ય વિધામંદીર વડોદરાના નિયામક તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી ડો.ભોગીલાલ જ સાંડેસરા એમ.એ.,પી એચ.ડી ને તથા તેજ યુની ના રામાયણ વિભાગના અધ્યક્ષશ્રી ડો.ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ એ.પી.એચ.ડી ને આ ગ્રંથ મોકલવામાં આવેલો અને તેઓશ્રીએ આપેલા અભિપ્રાયો આ ગ્રંથમાં સામેલ છે. તે માટે ઉપરના ત્રણે વિદ્વાનોનો ઋણી છું તેમનો આભાર માનું છું

હસ્તલિખીત ગ્રંથ તૈયાર થવા છતા તેની પ્રસિધ્ધિનો પ્રશ્ન ધણો વિકટ હતો આર્થિક મદદ વગર આ વિરાટ કાર્ય પાર પડે તેવુ હતુજ નહિ એટલે ખંભાતની ઉન્નતિમાં રસ ધરાવનાર ગૃહસ્થો સદગત શેઠશ્રી ચુનીલાલા ગીરધરલાલ અને શેઠશ્રી વસંતલાલ લલ્લુભાઇ પાસે વાત મુકી શેઠશ્રી ચુનીલાલે તો કહુ કે કોઇપણ સંજોગોમાં તમે આ કામ અટકાવશો નહી આ ગૃહસ્થોએ મને પ્રોત્સાહીત કાર્યો અને ખંભાત શહેરની પ્રજાનો સહકાર મેળવવા પ્રયતન કર્યો ખંભાત નગરની સુસંસ્કારી અને વિધાની કદર કરનાર પ્રજાએ મને સહકાર આપી ઉતેજીત કર્યો તેમના મુબારક ના આ સાથે સામેલ છે. તેમનો હું આભાર માનું છું

ખંભાત નગરપાલીકા જેમણે ખંભાતમાં વિવિધ પ્રકારની પ્રવૃતિઓ કરી ખંભાતનું સ્તર ઉંચે લાવવા કમર કસી છે. જેમણે બીજા મોટા મોટા શહેરોની ગણનામાં ખંભાતને મુકવા પ્રયત્ન આદર્યો છે. જેમણે આરોગ્ય,કેળવણી,સામજીક,આર્થિક વગેરે અનેક બાબતોના કાર્યો કરી ખંભાતની પ્રજાને આપવા સુવિધા પ્રયત્ન કર્યોઃ જેમણે વિધાને ઉતેજન આપીઃ વિદ્રાનોને પ્રોત્સાહન આપ્યુ છે. રાષ્ટિય રજત જયંતિ ના ચિરસ્થાયી સ્મરણોના કર્યરૂપ આ ખંભાત સાંસ્કૃતિક દર્શન પુસ્તક અંગરૂપ ગણાશે અને એ રીતે નગરપાલીકા વિદ્રાન અને કરદાન પ્રમુખશ્રી રણજીરાય ગંગાશંકર શાસ્ત્રી તથા સર્વ માવંતા સુસંસ્કારી સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું

પુસ્તકની પ્રસિધ્ધિ માટેનો પ્રશ્ન મહાન વિકટ હતો તેને ઉકેલવા માટે અથાગ પરિશ્રમ મજબુત મનોબળ આર્થિક મુઝવણ તેમજ સમય વગેરે અનેક પ્રકારની મુશ્કેલીઓ હતી પરંતુ મારા મોટા પુત્ર ડો.દેવેન્દ્રપ્રસાદે તથા પુત્ર પુષ્પકાંતે તથા પુત્ર ડો.જયેન્દ્રકાંત અથાગ મહેનત લઇ આ કાર્યને જીવંત બનાવ્યુ ખરેખર આ યશના ભાગી તો તેઓજ છે. મારા તો તેમને શુભાશિષ છે. વળી શ્રી માણેકલાલ મગનલાલ દુધારા બી.એ.પ્રુફ જોવામાં સુચીઓ તૈયાર કરવામાં વગેરે પુસ્તકના ધણા કામોમાં તેમણે ખંતથી મહેનત લીધી છે. તેમનો આભાર માનો ભુલી શકતો નથી.

ચરોતર પ્રિન્ટીંગ પ્રેસ આણંદના માલિક શ્રી જયંતિભાઇ ગો.પટેલ દ્રારા આ પુસ્તક છપાયુ છે. આ મિત્રએ ધીરજથી કાર્ય કરી આપ્યુ તે બદલ તેમનો આભાર માનવો ભુલાય તેમ નથી.

પ્રિય વાચકો હંસક્ષીર ન્યાએ આ પુસ્તક નિહાળશો દોષ દેખાવ તો ક્ષમા આપશો રાજકીય ક્ષેત્ર કોઇ પરાવારૂપે તેનો ઉપયોગ ન થાય એવો નિર્દેષ કરી જગન્નિયંતા પ્રભુનો હું આભાર માની મારી જાતેને ભાગ્યશાળી માની વિરમું છું

ખંભાત ઉચીશેરી

**નર્મદાશંકર ત્રયમ્બકરામ ભટ્ટ**

સંવત ૨૦૩૦ વિજયાદશમી

૨૫-૧૦-૧૯૭૪

**તેલ અને ગેસ ક્ષેત્રે ખંભાત**

ખંભાત ખાતે ઓ.એન.જી.સી ની પ્રથમ તેલ કુવો લુણેજ-૧ મુકામેથી મળયો હતો આ તેલ કુવાનનું ડ્રીલીંગ વિ.સં.૨૦૧૪ ના શ્રવાણ સુદ-૮ તા.૨૩/૭/૫૮ ની મધ્યરાત્રીથી શરૂ થઇ ગયુ અને રાતદીવસ પુર ઝડપે ચાલી રાહયું

૫૩૬૮ ફુટની ઉડાઇ શારડી જતા તેલના ફુવારા ઉડવા લાગ્યા હતા સંશોધકો માટે ચોકવનારી વાત એ હતી કે આચ તેલ સૌથી ઓછી ઉંડાઇ એથી નીકળયુ હતુ આ તેલની ધારનો છંટકાવ પં.જવાહરલાલ નહેરૂના જેકેટ સુધી પહોચ્યો હતો.આ તેલનો કુવો ૧૯૬૦ માં.પં.નહેરૂએ રાષ્ટ્રને અર્પણ કર્યો હતો ત્યાર પછી એક પછી એક તેલ ક્ષેત્રો કઠાણા કાત્રાવારા,સિવાય,ઉ.કઠાણા,ખેડા ,પાદરા,આંકલાવ, જુની આખોલ,ચકલાસી વગેરે શોધાયા અને ત્યારથી અત્યાર સુધી ખંભાતના તેલક્ષેત્રમાં ખોદાયેલા તેલના કુવાઓની સંખ્યા ૬૨ સુધી પહોચી છે.

ઓ.એન.જી.સી.દ્વારા ખંભાતના લુણેજ ખાતે ડ્રીલીંગકરાતા તા. ૧૨/૯/૧૯૫૮ ના રોજ તેલના ફુવારા ઉડતા તમામ અધિકારીઓ કર્મચારીઓ,વિદેશીઓ આવેલ રશિયનો અને ખંભાતીઓ આનંદમાં આવી ગયા હતા અને નવી દિલ્હી ખાતે બપોરે પાર્લામેન્ટમાં નેચરલ ઓઇલ એન્ડ ગેસ કમિશનના અધ્યક્ષ અને પ્રધાનશ્રી કેશવદેવ માલવિયાએ ખંભાતમાંથી મળેલ તેલની જાહેરાત કરી હતી લુણેજ ખાતે મુસ્લીમ વિધવા ધનબા અને શ્રી નારણમુખીના ખેતરમાંથી પ્રથમ તેલનો કુવો નીકળયો હતો.

લુણેજ ખાતે ડ્રીલીંગ રશિયન ઇજનેરોએ કર્યુ હોઇ આ પ્રસંગે ભારત અને રશિયા બન્ને માટે આનંદનો અવસર હતો ખંભાતમાં ૧૯૫૮ થી તેલ નીકળયા પછી ભારત ટેકનીશીયનો આવીને રહે તથા અન્ય કામદારોના ઉપયોગ માટે સ્ટેશન નજીક ૧૦૦ એકર જમીનમાં ઓ.એન.જી.સી.કોલોની બાંધવામાં આવી હતી.

ધીમે ધીમે ઓ.એન.જી.સી. ખંભાતનું કાર્યક્ષેત્ર વિસ્તરતુ ગયુ તેમ તેમ નવા નવા તેલના ભંડારો મળતા ગયા ખંભાતમાંથી તેલ અને ગેસનો વિપુલ જથ્થો મળતા વિશ્વની નજર ખંભાત તરફ મંડાઇ હતી.

ત્યાર બાદ એક તબકકો એવો આવ્યો કે જયારે ખંભાતમાંથી તેલના કુવાઓ મળવાનું બંધ થયુ ખંભાત ઓ.એન.જી.સી. પ્રોજકટને તળા મારવાની પણ યોજના ધડાઇ હતી આવા સમયે હતપ્રત ખંભાતીઓ પણ નીરાશ થઇ ગયા હતા.

ખંભાત જયારે બદહાલી તરફ ગરકાવ થઇ રહયુ હતુ ત્યારે ફરી ૧૯૯૯ માં ખંભાતને નવી આશાના કીરણો મળયા એકાએક ખોદકામ દરમ્યાન જુની આખોલ-૫ ના કુવામાંથી ઉચ્ચ ગુણવતાવાળું તેલ દિવસના ૩૦ મેટીક ટનના હિસાબે વહેવાનું શરૂ થયુ આ કુવો ૨૧૮૯ મી.ઉડો ખોદવામાં આવ્યો હતો એનો મોયોસીન,ઓલિગોસીન અને ઇસોસીન સેન્ડસ ઓલપાડા અને ટેપ વિભાગ તેલ તથા ગેસ સંશોધન કરવાનો હતો અહીથી મળેલ તેલની શોધથી એ વિસ્તારમાં તેલ મેળવવાની સંભાવનાઓ વધી ગઇ અને એથી ખંભાત આયોજનની શોધખોળ

પ્રવૃતિને વધુ બળ મળયુ આર્થિક રીતે હતાશ થયેલ ખંભાતીઓ માટે ઓ.એન.જી.સી નવું જોમ પ્રગટાવનાર છે.

જુની આખોલ વિસ્તારમાં શોધખોળ પ્રવૃતિ છેક ૧૯૬૨ માં શરૂ થઇ હતી કુવા ૧ અને ૩ માં તેલ અને ગેસ હોવાના માત્ર ક્ષુલ્લક સંકેત મળયા હતા અને શોધખોળ ધીમી પડી ગયેલી નવી ભુસ્તરીય માહીતીને આધારે વિસ્તારનું રચનાત્મક ચિત્રણ કરાતા નવી આશા બંધાઇ હતી પરિણામ સ્વરૂપે AKAC ખોદવામાં આવ્યુ અને તેલ પ્રાત્ર થયું

AK-7 અને AK-8 ના ખોદકામ બાદ તા.૨૦ મી નવેમ્બર ૨૦૦૦ ના રોજ AK-8 કુવામાંથી ૧૫૦૦ મી ઉંડાઇએથી હાઇડોકાર્બનનો ભંડાર મળયો અને તેના પ્રવાહનો દર દિવસના ૧૨૦૦ મેટીક ટન જેટલો હતો AK-8 માં મળેલ ઉચ્ચક ગુણવતાવાળા

તેલથી જુની આખોલ વિસ્તારમા મોટા તેલ જળાશય હોવાનું સંભાવના વર્તાઇ રહી છે.

જુની આખોલ ક્ષેત્ર સ્થાનમાં પ્રાથમિક તેલ ૨.૪૬ છે. જુનુ આખોલમાં ખોદાયેલ કુવાની સંખ્યા કુલ સાત છે. આ ક્ષેત્રમાંથી મળતા સરેરાશ દિવસીય ઉત્પાદનનો દર ૧૭૦ TDP છે.

ઉપરાંત ખંભાત આયોજનના ઉત્પાદક ક્ષેત્રો કઠાણા કાત્રાવારા આંકલાવ,પાંદરા, અને જુની આખોલનો અંતિત સંગ્રહ ૩૦ લાખ મેટીક ટન કરતા

વધુ છે. અને આજ સુધીમાં ખંભાત આયોજન નું સંચિચ તેલ ઉત્પાદન ૧૩ લાખ ટન કરતા વધુ છે.

આજ જયારે તેલ અને ગેસ ક્ષેત્ર નવી દિશાના દ્વારા ખુલ્યા છે. ત્યારે ખંભાતીઓ માટે વિકાસની નવી દિશાની પણ આશા બંધાઇ છે.

છેલ્લા ચાર પાંચ વર્ષથી ઓ.એન.જી.સી. વધુને વધુ ને વધુ તેલ પ્રાપ્ત કરવામાં સફળ રહેતા પ્રતિ વર્ષ કરોડોનો નફો કરતો ખંભાત પ્રોજેકટ બન્યો છે. પ્રતિ વર્ષે આ પ્રોજેકટ થકી કેન્દ સરકાર અને રજય સરકારને કરોડોની કીમત રોયલ્ટી પેટે ચુકવાય છે. છતા સરકાર આ સ્થળેથી અને ઓ.એન.જી.સી ધ્વારા ખંભાતના વિકાસ માટે કોઇ વિશેષ ફાળો લેવામાં ખંભાતની નેતાગીરી નિષ્ફળ રહી છે. ખંભાતની એક કમનસીબી ધટના લેખાશે. હાલ તો **ખંભાત ગૌરવ લઇ શકે કે ઓ.એન.જી.સી. નો મધર પ્રોજેકટ એટલે ખંભાત પ્રોજેકટ**

જ્યારે બ્રિટિશ સામ્રાજ્યમાં લોર્ડ સ્પિન વાઇસરોય હતાં ત્યારે ખંભાતમાં મહુંમ નવાબસાહેબ જાફરઅલીખાન સાહેબ તખતનશીન હતાં. તેમનો શાસનકાળ(ઇ.સ. ૧૮૮૦ થી ૧૯૧૫ સુધી) માં પ્રજાને અનેક પ્રકારની સુખસગવડો પ્રાપ્ત થાઈ છે.

તેમના પિતાના સમયમાં (મહુંમ નવાબ હુસેનયાવરખાનના ૧૮૪૧-૧૮૮૦) શહેરને અંગે એટલું જ કામ થતું કે ચોમાસું ગયા પછી પાણીથી પડેલા મોટા મોટા વહેળા 'ચબુતરા' ના માણસો મોકલી દુરસ્ત કરાવતા, આ સિવાય પ્રજાના સુખ માટેનું કોઈ કાર્ય ન થતુ.

શ્રી મહુંમ નવાબ જાફરઅલીખાન ગાદી પર આવ્યા તે વખતે તેમના દિવાન શામરાવ નારાયણ લાડે(ઇ.સ. ૧૮૮૦-૧૮૮૩ અને બીજી વખત ૧૮૮૫-૧૮૯૦) ખંભાતમાં પાણી છંટાવવાનું તથા રસ્તા ઉપર ફાનસો મૂકવવાનું કામ શરૂ કરુ.ગુજરાતી નિશાળો પણ શરૂ કરી.અહી સુધારાના બીજ રોપાયાં હતા.તેમણે બીજા ખાતાની પેઠે એક ખાતું કાઢ્યું તેને 'સુધરાઇ ખાતું' કહેતા. તેનો સધળો વહીવટ સરકાર જ કરતી.તેના ઉપરીને 'દરોગા' કહેતા.

પછી દિવાન તરીકે શ્રી માધવરાવ હરીનારાયણ વ્યાસ આવ્યા.(તા.૧૭-૭-૧૮૯૪ થી તા.૨-૭-૧૯૧૩) તેઓ ખંભાત રાજ્યમાં પ્રથમ રેવન્યુ અધિકારી હતાં તે દરમિયાન એમની મહેનત,હોશિયારી,દાનાઈ અને ઈમાનદારીથી રેવન્યુ ખાતામાં ઘણાં જ સુધારા કર્યા, એમની સારી નોકરીથી ખુશ થઈ ના.મ નવાબસાહેબ જાફરઅલીખાનને તેમને દિવાનગીરી આપી હતી.